ક્રમાંક:–અ/જમન/ટે.૧૨/ ૨૩૪-૩૬ /૨૦૧૭–૧૮
મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
જુનાગઢ વન વર્તુળ, સરદાર બાગ,
જુનાગઢ, તારીખ:– ૨૧ /૦૮/૨૦૧૭

પ્રતિ,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
જમીન, ગુજરાત રાજય,
ગાંધીનગર

વિષય :– Proposal for seeking prior approval for acquiring Forest land for construction of distribution network of Dhangadhra Branch canal At.Rajgadh,Dhangadhra,Isadra.... Ta.Dhangdhra & Village Mangalpur Ta.Halvad Dist.Surendranagar....Ha.8.6779

સંદર્ભ :– આપશ્રીની કચેરીના પત્રાંક:–જમન/૨૯–બી/બ/૪૧૮૫–૮૭ તા.૨૦/૦૮/૨૦૧૬
**નાયબ વન સંરક્ષકશ્રી,સુરેન્દ્રનગરના પત્રાંક: –**
(૨) અ/જમન/ ટે–૧૨/૮૯૫–૯૬, તા.૦૩/૦૮/૨૦૧૭ તથા ૯૬૦–૬૧ તા.૧૮/૮/૨૦૧૭

સાદર સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ –૧ તળેના પત્રથી વન સંરક્ષણ ધારા –૧૯૮૦ હેઠળની કાર્યપાલક ઈજનેરશ્રી,સૌરાષ્ટ્ર બ્રાચ કેનાલ ડિવીઝન નંબર – ૫/૧,ની હેક.૮.૬૭૭૯ દરખાસ્તમાં માંગવામાં આવેલ પુર્તતા સંદર્ભ–૨ તળેના પત્રથી અત્રે સાદર થતા જેનો પુર્તતા અહેવાલ નીચે મુજબ સાદર કરવામાં આવે છે.

(૧) એનેક્ષર–૧૭ મુજબ સાઈટ ઈન્સ્પેકસનનો રીપોર્ટ ભારત સરકારશ્રી ધ્વારા નીયત કરવામાં આવેલ તે અ.અ.મુ.વ.સં.શ્રી, જમીન, ગુ.રા., ગાંધીનગરના પત્રાંક– જમન/૨૯–બી/બ/૧૯૭૧–૨૦૪૦ તા.૧/૬/૧૬થી મોકલવામાં આવેલ તે પહેલા ના.વ.સ.શ્રી ધ્વારા તા.૪/૫/૨૦૧૬ના રોજ દરખાસ્ત અત્રેની કચેરીએ સાદર કરવામાં આવેલ જેમાં સામેલ રાખવામાં આવેલ સાઈટ ઈન્સ્પેકશન રીપોર્ટ તા.૧૯/૧૧/૧૫નો ના.વ.સં.શ્રી, પ્રદિપ સિંહનો છે. તેઓની બદલી અન્ય વિભાગમાં થયેલ છે. જેથી જુના નમુનામાં સાઈટ ઈન્સ્પેકશન રીપોર્ટ માન્ય રાખવા વિનંતી છે.

(૨) એનેક્ષર– ૨૫ મુજબ માંગણીવાળો વન વિસ્તાર નજીકના વન્ય પ્રાણી રક્ષીત વિસ્તારથી કેટલા કી.મી. દુર આવેલ છે. તે અંગેનુ **પત્રક** આ સાથે સામેલ છે. જેમાં અમુક ગામો ૧૦ કી.મી.થી અંદર આવે છે. તે બાબતે ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનશ્રીના અભિપ્રાય માટે યુઝર એજન્સી ધ્વારા તેઓના પત્રાંક– સૌરાષ્ટ્ર શા.ના.વિ.નં.૫/૧/ ધ્રાંગધ્રા/ પીબી–૨/ ૧૮૮૮ તા.૨૦/૧૦/૧૬ થી દરખાસ્ત ઘુડખર અભયારણ્ય વિભાગ, ધ્રાંગધ્રાને કરવામાં આવેલ છે.

સદર પ્રમાણપત્ર આજદિન સુધી અત્રેની કચેરીમાં મળેલ નથી. પરંતુ દરખાસ્તમાં દર્શાવેલ વન જમીનમાં પ્રજાલક્ષી કામગીરી કરવાની થતી હોય ઝડપથી પ્રગતી થાય તે માટે વ.સં.ધા.–૧૯૮૦ની દરખાસ્ત અને વાઈલ્ડ લાઈફ કલીયરન્સ બાબતે નોડલ ઓફિસરશ્રી ધ્વારા એકત્રિત કરી આગળની કાર્યવાહિ ઝડપથી કરી શકે. તે માટે એજન્સી ધ્વારા મેળવવાનું થતું ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન, ગુજરાત રાજય, ગાંધીનગરનું પ્રમાણપત્ર મેળવવા માટે કરેલ માંગણીના પત્રની નકલ આ સાથે સામેલ રાખી સાદર કરવામાં આવેલ છે.

(૩) ઈ–પોર્ટલ ઉપર પાર્ટ–૧માં કોસ્ટ બેનીફીટ એનાલીસીસ રીપોર્ટ યુઝર એજન્સી ધ્વારા નીયત નમુનામાં અપલોડ કરેલ છે. જેની ચાર પ્રતમાં સામેલ છે.

(૪) ઉપરોકત મુદા–૧ મુજબ સાઈટ ઈન્સ્પેકશન રીપોર્ટ માન્ય રાખવા વિનંતી છે.

યુઝર એજન્સીને આપેલ સુચના મુજબ **ટોપોશીટ અને ડીટેઈલ જસ્ટીફિકેશન** ના.વ.સ.શ્રીને રજુ કરતા ના.વ.સ.શ્રી ધ્વારા અત્રે સાદર કરતા જેની ચાર નકલમાં આ સહ સામેલ રાખી સાદર કરવામાં આવે છે. જે વિદિત થવા વિનંતી છે.

**બિડાણ : ઉપરમુજબ**

(એસ.કે.મેહતા)
મુખ્ય વન સંરક્ષક
જુનાગઢ વન વર્તુળ,જુનાગઢ

નકલ રવાના : નાયબ વન સંરક્ષકશ્રી, વન વિભાગ,સુરેન્દ્રનગર તરફ સંદર્ભ–૨ ના પત્રાંક અન્વયે જાણ સારૂ.

E:\ghetia\FCA corspo\surendranagar\8.6779 br canal.doc